UNITED INTERNATIONAL

GUJARATI CHRISTIAN SOCIETY

NEW YORK & NEW JERSEY

Phone # (732) 855-0596 ☩ email: jospausa@yahoo.com

(A NOT-FOR-PROFIT ORGANIZATION, Estd. 1988)

# AMERICAN CHRISTIAN NEWS

# અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ

FOUNDER: Lt. REV. MANUBHAI V. CHRISTIAN

EDITOR: JOSEPH PARMAR

Issue-124, Year: 36, November-December-2015



**તંત્રીની કલમે આ પત્ર**..."ફોલ સીઝન"માં વનરાજીનાં નયનરમ્ય દૃષ્યો આંખોને ગમી જાય છે. વૃક્ષોનાં પાન ખરી જવાની સ્થિતિમાં પોતાના રંગ બદલે છે. પછી એવો સમય આવે છે કે, પાંદડાં વિના વૃક્ષો સૂકાં લાકડાં જેવાં બની જાય છે. ત્યારે સૂક્કાંભઠ્ઠ વૃક્ષોને જોવામાં પણ મનુષ્યને આનંદ આવે છે. વનસ્પતિમાં પણ જીવ છે, તો લીલીછમ અવસ્થામાં વૃક્ષો આનંદિત રહેતાં હશે? અને 'ફોલ સીઝન'માં સૂક્કાંભઠ્ઠ વૃક્ષો દુ:ખિત રહેતાં હશે? પણ મનુષ્યો વૃક્ષોની આ બંને અવસ્થાને જોઈને આનંદ મેળવે છે. વૃક્ષોનાં દુ:ખ-સુખની લોકોને જાણે કશી પડી નથી. અબોલ વૃક્ષો પોતાની બધી અવસ્થામાં મનુષ્યને આનંદ આપે છે. અને કદાપી તેથી જ કવિ અનિલ જોશીએ ગાયુ છે; *"મારી આ ડાળખીમાં પાંદડાં નથી, મને પાનખરની બીક ન બતાવો."*

મનુષ્યોમાં પણ વૃક્ષો જેવું જીવન જીવનારા લોકો હોય છે. ઘડીક સુખ અને મોટાભાગે દુ:ખમાં જીવન ગુજારતા લોકો વૃક્ષો જેવાં છે, જ્યારે કેટલાક લોકોને વૃક્ષો જેવું જીવનારા માટે કશી પડી હોતી નથી. અન્યને આનંદ આપતાં જીવતરો પ્રભુ તરફથી માનવ સમુદાયને મળેલી અમૂલ્ય ભેટ છે.

મનુષ્યોને મળેલી અનેક ભેટો મનુષ્યને જીવનના નિભાવ માટે મદદરૂપ થાય છે. મુશ્કેલ સમયમાં મળતી સહાયકભેટ યાદગાર બની રહે છે, અને સહાય મેળવનાર આભારવશ થઈ જાય છે. આવો જ આભારનો પ્રસંગ છેક સને ૧૬૨૧માં અમેરિકામાં બને છે. ધાર્મિક સ્વાતંત્ર્ય મેળવવા અનાયાસે અમેરિકામાં આવેલા યાત્રીઓ ખોરાક વિના મુશ્કેલીમાં આવે છે ત્યારે મૂળ અમેરિકનો તેઓને જમણ માટે સહાય પૂરી પાડીને માનવતા બતાવે છે અને સહજમણના આ પ્રસંગની કાયમી યાદગીરી એટલે "થેન્સગીવિંગ ડે". આમ આ 'આભારદર્શન દિન' ફક્ત મદદ કરનાર પ્રત્યે જ નહિ, પણ પ્રભુ પ્રત્યે આભાર દર્શાવવાનો પણ આ દિવસ છે. ઈતિહાસ જણાવે છે કે, ૨૦૧૬માં અમેરિકામાં કારમો દુકાળ પડતાં લોકો એકઠા થઈને પ્રભુને પ્રાર્થના કરે છે, અને બીજે જ દિવસે ધોધમાર વરસાદ પડે છે અને સારો પાક થવા માટે લોકો પ્રભુનો પ્રભુનો આભાર માનતાં એ દિવસને 'આભારદર્શન દિન' માને છે. આમ પ્રભુનો આભાર માનવા કોઈ એક પ્રસંગના આધારે અમેરિકાની પ્રજા-સરકારે સને ૧૮૮૩માં નક્કી કરેલો ચોક્કસ "આભારદર્શન દિન" દર વર્ષના નવેમ્બર મહિનાનો 'ચોથો ગુરુવાર'.

"થેન્સગિવિંગ ડે" નિમિત્તે પરિવાર અને સ્વજનો ભેગાં થાય છે, સમૂહભોજન યોજે છે અને પ્રભુનો આભાર માનતાં પરસ્પર પ્રેમભાવનાથી વધુ નજીક આવે છે. રોજિંદા જીવનમાં આપણને પ્રસંગોપાત સગાં-મિત્રોની મદદ મળે છે. કેટલીક વખત તદ્દન અજાણી વ્યક્તિ પણ આપણી મદદ કરે, તેમ બને છે. આવી મદદ માટે આભારવશ બનીને તત્કાલ આભાર માનતા પણ હોય છે. પોતાને મળેલ મદદ અને સહાયતાને યાદ રાખીને આભાર માનનાર વ્યક્તિ જીવનના દરેક તબક્કાઓમાં સફળતાપૂર્વક પ્રગતિ કરી શકે છે. આમ "થેંક્સગિવિંગ ડે" ખરેખર તો વ્યક્તિના જીવનમાં દરરોજ આવતો હોય છે....અને વ્યક્તિ ભાવનાશાળી, નમ્ર હોય તો સહાય કરનારનો આભાર માને છે.

જીવનમાં કેટલીક એવી પરિસ્થિતિ આવે છે કે, તે સમયે જો કોઈ મદદમાં ન આવે તો વ્યક્તિ હતાશ થઈને પોતાની લાચારીથી દુ:ખી થઈ જાય છે. આવી અણીની વખતની સહાય જીવનની સફળતા માટે ચાવીરૂપ સાબિત થઈ શકે છે. અને સમયસરની સહાયતા માટે સહાયકના જીવનભરના ઋણી બની જાય છે. આવા અનેક દાખલા જાણવા મળે છે. કોઈ યુવક ઉચ્ચ શિક્ષણ મેળવ્યા પછી પોતાની લાઈનની જોબ માટે અરજી કર્યા પછી કેટલાયે 'ઈન્ટર્વ્યુ' આપ્યા પછી પણ યોગ્ય 'જોબ' મેળવી શકે નહિ. બેકારીનો સમયગાળો વધતો જાય.... એવામાં કોઈ દૂરના સગા કે પિતાજીના જૂના મિત્ર અચાનક મહેમાન બનીને આવે, વાતચીતમાં યુવકના ઉચ્ચ શિક્ષણ અને બેકારીની વાત જાણીને આ મહેમાન એક 'જોબ' મળી શકે તેવી હૈયાધારણ આપીને ફલાણા સરનામે રૂબરૂ અરજી લઈને જવા અને પોતાનું નામ ઓળખાણ તરીકે આપવા જણાવે... અને આ તકથી યુવકને સારા પગારની, પોતાને ગમતી 'જોબ' મળી જાય. આ સહાય યુવકને પેલા મહેમાનના જીવનભરના ઋણી બનાવે તેવી ગણાય.

આપણે અમેરિકાની જ વાત કરીએ તો અહીં આવતા નવા 'ઈમિગ્રાન્ટ'ને બોલાવનાર સ્વજને 'બ્લડ રીલેશન' આધારે 'પીટીશન' કરી હોય, સમય આવ્યે 'સ્પોન્સર' કર્યા હોય, અને આ બધું કરવા પેપરવર્ક, સમય, નાણાં ખર્ચ્યાં હોય. એરપોર્ટ પર સમયસર 'રીસીવ' કરી પોતાના નિવાસસ્થાને રાખી કાયદેસરની કાર્યવાહી કરવામાં પોતાના વાહનમાં આંટાફેરા કરીને તેમને રોજગારી અપાવવામાં પોતાની વગ કે ઓળખ કે માહિતી-માર્ગદર્શન આપીને પગભર કર્યા હોય.... આ સહાય માટે નવા ઈમિગ્રાન્ટ પોતાને અમેરિકામાં બોલાવનારના જીવનભરના ઋણી બની જાય છે. તેમનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. તેમના પ્રત્યે માનમાં વધારો થવો જોઈએ. તેમની સાથે પ્રેમભર્યા સંબંધો જાળવી રાખવા જોઈએ. કૃતજ્ઞતા દર્શાવવાની કોઈ તક જતી કરવી જોઈએ નહિ. અને જો આ ઉપકાર કે મદદને નવા ઈમિગ્રાન્ટ ભૂલી જાય ત્યારે તેઓને "થેન્કગિવિંગ ડે" પોતાને અમેરિકામાં પોતાના સગાની મળેલી સહાયતા યાદ કરાવે છે.

"થેન્કગિવિંગ ડે" બાબતે મનુષ્યની બે વૃત્તિઓ સમજવા જેવી છે; એક-કોઈ પરોપકારીના દિલમાં કોઈને મદદ કરવાની ભાવના છે. બે-કોઈ વ્યક્તિ કોઈ પોતાને મદદ કરે તેમ ઈચ્છે છે. રોજિંદા જીવનમાં ઘણી વ્યક્તિઓ અજાણ્યા માણસને પણ ઉપકારવશ બનાવી શકે છે. આપણે ડ્રાઈવ કરતા હોઈએ અને 'મલ્ટીલેન'ના રોડ ઉપર આપણી ડાબી કે જમણી તરફના ડ્રાઈવરને આપણી 'લેન'માં આવવું છે, તેવી 'સાઈન' બતાવે છે અને આપણે આપણી આગળ મોકળાશ આપીએ, ત્યારે એ ડ્રાઈવર આભારવશ થઈ જાય છે. તદ્દન આજાણ્યા અને કોઈ અન્ય દેશ/જાતિના, કદાપી આપણા જેવા 'ઈન્ડો-અમેરિકન' પ્રત્યે છૂપો અણગમો ધરાવતા એ ડ્રાઈવરમાં સમભાવની વૃત્તિ જાગે તેમ જરૂર બને!

આવો આપણે પણ જરૂરિયાતમંદને સહાય કરીએ, આપણને મદદ કરનાર પ્રત્યે કૃતજ્ઞતા દાખવીએ અને આપણા જીવનમાં જાણ્યે અજાણ્યે મળેલ મદદ, સહાયતા અને પ્રેમ માટે વ્યક્તિનો કે કુટુંબીજનોનો આભાર માનીએ અને આપણને સૌને મળેલા ઋણને માથે ચડાવીએ....

ખાસ કરી ને આપણને મળેલ મદદને આગળ ધપાવીએ અને આપણે પણ યથાશક્તિ સૌને સહાય કરીએ અને ઈશ્વરે આપણને આપેલા માનવરુપને સાર્થક કરીએ....

યોગાનુયોગ અમેરિકામાં "થેન્સગીવિંગ ડે" પછી લોકો 'ક્રિસ્મસ'ની ઉજવણીની તૈયારીમાં લાગી જાય છે. અને "થેન્કસગિવિંગ ડે"ના ગુરુવારની રાતના ૧૨ વાગ્યે શરૂ થતા શુક્રવારને "બ્લેક ફ્રાયડે" તરીકે તદ્દન ઓછી કિંમતમાં ચીજવસ્તુઓ 'સેલ'માં મૂકાય છે અને ખરીદનારા "થેન્સગીવિંગ ડે"ના 'ડીનર' પછી 'શોપીંગ'માં પહોંચી જાય છે. પ્રભુના આભાર સાથે પ્રભુ ઈસુના જન્મદિનની પૂર્વ તૈયારીમાં આપણાં હૃદયને પવિત્ર બનાવવાનો સમયગાળો છે. માનવ અવતાર લઈને જન્મેલા ઈસુના અને પ્રભુ પિતાના ઉદ્દેશને સમજીએ અને આપણાં જીવનમાં પ્રેમ, ભલાઈ, ક્ષમા, નમ્રતા, સમભાવ અને કરેલી ભૂલો માટે પશ્ચાતાપી હૃદયથી પ્રભુના જન્મદિનને વધાવીએ!



**"અમેરિકન ક્રિશ્ચિયન ન્યૂઝ"** સાથે કૉમ્યુનીટીના તાજા અને સવિષેશ સમાચારો માટેની વિશ્વવ્યાપી **લોકપ્રિય** વેબ સાઈટ: *jagadishchristian.com*

## નાતાલનો હર્ષ

–ઈલા જોબર્ટ ક્રિશ્ચિયન (Union City, NJ) (201)330-0314

આપણું જીવન ઉતાવળીયું ઘડિયાળના કાંટે અને કેલેન્ડરનાં ફાટતાં પાનાને આધારે ઘડાઈ ગયું છે, કહીએ કે ગોઠવાઈ ગયું છે. આસપાસ જોઈતાં સુખ, હાથમાં આવેલ આખો 'મોબાઈલ યુગ', જેને કારણે એકબીજા તરફ જોવાની સહેજ પણ ફૂરસદ નથી. આપણે આપણું સુખ અને આનંદ 'મોબાઈલ'માં શોધીએ છીએ. આપણી આંતરિક પીડા કોઈને બતાવી શકતા નથી. આવી પરિસ્થિતિમાં આપણા ઉત્સવો, તહેવારો, પર્વો, નાતાલ, નવું વર્ષ, વગેરે પ્રાણવાયુ પૂરો પાડે છે. આખા વર્ષનાં કાર્યો અને ધમાલમાંથી બહાર નીકળી સમાજ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ સાથે જોડાઈ મનને તરોતાજા કરી આનંદ મેળવવા પ્રયત્ન કરીએ છીએ.

નાતાલથી નવા વર્ષનું સપ્તાહ અથવા 'થેંક્સગીવીંગ'થી નવા વર્ષ સુધી મનભરીને ખરીદી કરવી, એકબીજાને આપવાની ભેટો ખરીદવાનો સમય, ઘરને શણગારવાનો સમય, એકબીજાને મળવાનો સમય 'કેરલ સીંગીંગ' કરી હૃદયને, મનને પ્રભુનાં ગીતો ગાઈને સ્વર્ગીય મહિમાનો આનંદનો સમય. જ્યારે આખા વર્ષ દરમ્યાન કામના વળગણમાં જરાપણ સમય નહોતો ત્યારે આ મંગલ પર્વમાં જાણે મફતમાં મળેલો સમય છે તેને વાપરીએ. નાતાલના આગમનને હૃદયને નવપલ્લવિત કરીએ. સમયની સાથે કદમ મીલાવીએ. આપણા પ્રેમ. આનંદ અને આશા આ સમયની અંદર જ છે. આખા વર્ષના કામના ભારને બાજુ પર મૂકી તહેવારોને માણવા તૈયાર થઈ જઈએ. પ્રભુના લોકોને ઘણીવાર આનંદ, દુ:ખ, દર્દ, વેદના અને જાણે મરણની છાયની ખીણમાં હોઈએ એવો અનુભવ થાય છે. એ બધા અંધકારભર્યા સમયમાં આપણને અજવાળુ આપવા ઈસુ બેથલેહેમની ગભાણે જન્યા. જન્મથી જ ભય, જીવન-મરણ વચ્ચે ઈશ્વરપુત્ર આપણા માટે સઘળુ દુ:ખ આ માનવી શરીરમાં ભોગવ્યું. આપણને જીવન આપવા અને પુષ્કળ આપવા આ જગમાં આવ્યા. નાતાલ ફક્ત ખ્રિસ્તીઓનું જ પર્વ નહિ, લૂક-૨: ૧૦ "આ સુવાર્તા સર્વ લોકો માટેની છે."

આપણાં ઘરોમાં આનંદપૂર્વક નાતાલનો આનંદ માણીએ છીએ ત્યારે ઘણા સેવકો ગરીબો, દુ:ખી, નિરાધાર, વિધવા, અનાથ, વિકલાંગ લોકોની કાળજી માટે જુદી જુદી 'કીટો' બનાવી ઘેર ઘેર પહોંચતી કરે છે. વિધવા બેનોને સાડીઓ આપી તેમની મુલાકાત કરે છે. તેમનાં દુ:ખ અને દરદમાં એક પ્રકારની આશા પૂરી પાડે છે. પ્રકાશનો પૂંજ તો નહિ, એક બિંદુસમાન અજવાળુ પાથરી એમનાં દર્દમાં આનંદ પૂરો પાડે છે. વિદ્યાર્થીઓને મધ્યે જઈ નોટો-પુસ્તકો પૂરાં પાડે છે. આજે સેંકડો એવા સેવકો છે જે પોતાનું ઘર, બાળકો મૂકીને, પોતાની પરવા કર્યા વિના બીજાની ચિંતા કરે છે. એનાં ઉદાહરણ તરીકે 'જીવનદ્વાર', 'જીવનજ્યોત' અંધ સેન્ટરો, વગેરે સંસ્થાઓ પ્રેમથી સેવા કરે છે.

આપણે તો બહાર જઈ સેવા કરી શકતા નથી, પણ આપણી શક્તિ મુજબ તેમને મદદ કરીએ. આજે આપણે અમેરિકામાં પણ રેવ. મનુ અંકલનાં પત્ની શ્રીમતી રૂથ આન્ટી વૃધ્ધાવસ્થામાં પણ આપણને "અમેરિકન ક્રિશ્ચિયન ન્યૂઝ" મળ્યું કે નહિ**?** શ્રી જોસેફભાઈ એવરગ્રીન યંગમેન સીનિયરોની સેવામાં દિનરાત ખડે પગે તૈયાર રહે છે. હિંદુઓ મધ્યે ઈસુની માશાલ લઈ સેવા કરવા હંમેશા તત્પર રહે છે. આજે આપણે પ્રાર્થના કરી વિચારીએ કે આપણે આજે નાતાલ કેવી રીતે ઉજવીશું**?** આનંદ અને આશીર્વાદ કેવી રીતે વહેંચીશું**?** આજે આપણાં નાણાંનો યોગ્ય વહીવટ કરવાની ક્ષમતા પ્રભુ આપણને આપે. ૧ તિમોથી-૧: ૧૨ *"તેણે મને વિશ્વાસુ ગણીને તેની સેવામાં દાખલ કર્યો યહોશુઆ વારંવાર પૂછતો કે 'તમે કોની સેવા કરશો?' હું અને મારા ઘરના તો યહોવાની જ સેવા કરીશું"* સતત યાદ રાખીએ કે પ્રભુની સેવા કરવાની છે. ૧પિતર-૪: ૧૦ "એકબીજાની સેવા કરીએ." ગીતશાસ્ત્ર-૧૦૦:૨ *"આનંદથી સેવા કરીએ. પ્રભુના સેવકો જે તન, મન, ધનથી સેવા કરે છે, તેમાં પ્રાર્થના અને નાણાં દ્વારા મદદરૂપ થઈને સઘળું ખરા દિલથી કરીએ"* યોહાન-૧૨: ૧૬ *"પ્રભુ તમને માન આપશે. તેના સંતોની કરેલી સેવા જરૂર યાદ રાખશે"* નાતાલે ઈસુ સેવા કરાવવા નહિ કરવા આવ્યા, તે માર્ગ આપણે શું યાદ રાખીશું? કેવો અદ્‌ભૂતપ્રેમ! ગભાણે જન્મી નમ્રપણે દીન-દુ:ખીની સેવા કરી.

પૂર્વના ત્રણ રાજા સોનું, બોળ ને લોબાનની ભેટ લાવ્યા. પ્રભુને જરૂર પડવાની હતી. મરણ આગાઉ મરિયમ માગ્દાલેણે ૩૦૦ દિનારના અત્તરથી પગ પલાળ્યા, ચોટલાથી લૂછ્યા, આંસુસહિત પસ્તાવો કર્યો. સાચી ભક્તિથી હૃદયનું સ્વાર્પણ કર્યું. નિકોદેમસે સો શેર બોળને અગરના મિશ્રણ સાથે આરિમથાઈના યુસુફને ઈસુના દફનમાં મદદ કરી. સ્વાર્પણ વિનાની ભક્તિનો કોઈ અર્થ નથી. આજે આ ઉમદા નમૂના દ્વારા પ્રભુ આપણને આત્માને સત્યતાથી તથા તન, મન, ધનથી સાચા હૃદયે સેવા કરી નાતાલના અ મહાનપર્વની ઉજવણી કરીએ, એવું તે ઈચ્છે છે. જ્યાં સુધી છે

આ જિંદગી, ન કદી છે કામથી ફૂરસદ,
કોઈ એવો સમય દઈ દે, પ્રભુ તુજ સંગ પ્રીત.
લૂછી દીન-દુ:ખિયાંનાં આંસુ, ચહુ સૌને હર્ષે ઉજવું નાતાલ.

*God enters through a private door into each individual*
*Keep the door open!*
*This Advent Season he may just come!*

---

**"બાઈબલ સ્ટડી"-નવેમ્બર-ડીસેમ્બર, ૨૦૧૫ના પ્રશ્નો:**

**વિભાગ ૧. નીચેના પ્રશ્નોના જવાબો ઉત્પતિ, ગણના, કાળવૃત્તાંત પુસ્તકામાંથી શોધીને જવાબ આપો;**

પ્ર. ૧) હારૂન પછી ઈસ્રાએલીઓનો બીજો પ્રમુખ યાજક કોણ થયો?
પ્ર. ૨) ઈબ્રાહીમનો વફાદાર સેવક કોણ હતો?
પ્ર. ૩) ઈબ્રાહીમે સારાહના મૃત્યુ બાદ કોને પત્ની બનાવી?
પ્ર. ૪) "બાઈબલા"ની કઈ પ્રથમ વ્યક્તિ પોક મૂકીને રડી?
પ્ર. ૫) કયો પ્રબોધક તલવારથી મારી નંખાયો?

**વિભાગ ૨. નીચેના પ્રશ્નોના જવાબ ૧-૨ શમૂએલ,૧-૨ રાજા અને ૧-૨ કાળવૃત્તાંતના આધારે કોણે કોને કહ્યું, એ રેફરન્સ આપી લખો;**

પ્ર. ૧) ના, મારા દીકરાઓ, જે હકીકત હું સાંભળું છું તે સારી નથી, તમે તો યહોવાહના લોકો પાસે તેની આજ્ઞાનું ઉલ્લંઘન કરાવો છો"
પ્ર. ૨) "જ્યારે યહોવહ મારા મુરબ્બીનું ભલું કરે ત્યારે આ તારી દાસીને યાદ કરજે."
પ્ર.૩) "મારા દીકરા, તું શા માટે દોડે? કેમકે, ખબર (આપવા) બદલ તને કંઈ જ મળવાનું નથી."
પ્ર. ૪) "જો તું તેને શોધશે તો તે તને જડશે, પણ જો તું તેનો ત્યાગ કરશે તો તને સદા માટે તજી દેશે."
પ્ર. ૫) "તારો આત્મા આટલો બધો ઉદાસ કેમ છે કે તું રોટલી પણ ખાતો નથી."

**વિભાગ ૩. ગીતશાસ્ત્ર, યશાયાહ અને અયૂબના આધારે ખાલી જગ્યા પૂરો;**

પ્ર. ૧) મારો આત્મા ___, ____. ___ જુએ છે કેમકે, તેનાથી ____. ____ છે.
પ્ર. ૨) હે ઈશ્વર મારી ____. ___ મારી ____પર ____ધર.
પ્ર. ૩) ઢીલા ____. ___ કરો અને ___, ____. ___ કરો.
પ્ર. ૪) હે ____. ___ તમે ____ કરો કેમકે, તે ____ થયું છે.
પ્ર. ૫) અયૂબે પહેલીનું નામ ___ બીજીનું નામ ___ અને ત્રીજીનું ___, ___ નામ પાડ્યું.

**"બાઈબલ સ્ટડી" સપ્ટેમ્બર-ઓક્ટોબર-૨૦૧૫ના પ્રશ્નોના સાચા જવાબો મોકલનાર 'બાઈબલપ્રેમી'ઓની યાદી.** સૌને "અમેરિકન ક્રિશ્ચિયન ન્યૂઝ"નાં અભિનંદન! ૧) ભાનુમતી ક્રિસ્ટી-કેલિફોર્નિઆ, ૨) એમિલ્યા ક્રિસ્ટી-જર્સી સીટી, ન્યૂ જર્સી ૩) સ્ટેલા પરમાર- નોર્થ બર્ગન, ન્યૂ જર્સી, ૪) લીલીયન જે. જોન- નોર્થ બર્ગન ૫) રીબેકા ડાયલ-ન્યુયોર્ક શાંતાબેન રાઠોડ- નોર્થ બર્ગન, ન્યૂ જર્સી

* **"અમેરિકન ક્રિશ્ચિયન ન્યૂઝ"**ને મળેલાં દાનની યાદી-




"American Christian news" published since 1988, by "Gujarati Christian Church"
(A not-For-Profit organization registered under the laws of the State of New Jersey, USA Estd. 1988)

$10/ એમિલ્યા ક્રિસ્ટી-જર્સી સીટી, ન્યૂ જર્સી

**"અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ" ઉદારદિલ દાતાઓનો** હાર્દિક આભાર માને છે!

દાન ફક્ત શ્રીમતી રૂથબેન ક્રિશ્ચિયનના સરનામે મોકલવાં, તંત્રીશ્રીના સરનામે દાન સ્વીકારવામાં આવતાં નથી, તેની ખાસ નોંધ લેવી.

**પ્રભુશિખવિત પ્રાર્થના** *(ગતાંકથી ચાલુ) -રેવ.ડૉ. સ્નેહલતા પટેલ (Brooklyn, NY)*




પ્રાર્થના આપણી ઈશ્વર સાથેની સંગત છે. જે આપણને ઈશ્વર સાથેના વ્યક્તિગત સંબંધો, તેમજ મનુષ્ય સાથેના વ્યક્તિગત સંબંધો ગાઢ બનાવવામાં સહાયરૂપ બને છે. પ્રાર્થના આપણને જે સંજોગોમાં કામ કરતા હોઈએ તેને અનુરૂપ થઈ દોરવણી આપે છે. મનમાં ગાંઠ વાળી હોય તે મુજબ કામ કરવાને બદલે ઈશ્વરનું નામ મહિમાવાન થાય ને તે મુજબ કામ કરવા સામર્થ્ય આપે છે, જીવનમાં પ્રભુની ઈચ્છાને પ્રાધાન્ય આપવા સહાય કરે છે.

પ્રાર્થનામાં સામાન્ય રીતે પ્રાર્થના કરનાર વ્યક્તિ ચાર બાબતો વણી લે છે;

Adoration-આરાધના, Thanks-આભારદર્શન, Supplications (Acts)-દયાયાચના & Confession-પાપનો એકરાર .

**Adoration-આરાધના**: સ્તુતિ, વંદના, ગાયનો, ભજનો દ્વારા આપણે આપણી જાતને વીસરી જઈ ઈશ્વરનું નામ બુલંદ મનાવીએ છીએ.

*"સ્તુતિ આરાધના ઉપર જાતી હૈ, આશિષ લેકર નીચે આતી હૈ "* તે સત્ય છે.

**Thanks-આભારદર્શન**: ઈશ્વરના આપણી ઉપર થયેલા અગણિત ઉપકારોને માટે પ્રાર્થના કરતાં આપણે આભાર માનીએ છીએ. આપણા જીવનવ્યવહાર દ્વારા તે આશીર્વાદો બીજાંઓ સાથે વહેંચીએ છીએ. આપણે અન્યજનો માટે આશીર્વાદની નહેર બનીએ છીએ.

**Supplications (Acts)-મધ્યસ્થી: પુરવણી**: આપણી જરૂરિયાતો, વિનંતીઓ, સમસ્યાઓ જ્યારે આપણે પ્રાર્થનામાં ઈશ્વર સમક્ષ લાવીએ છીએ ત્યારે આપણે જાહેર કરીએ છીએ કે, આપણે આ બાબતો માટે ઈશ્વરના જવાબ, દોરવણી તરફ અવલંબન કરીએ છીએ. અન્યજનો માટે જ્યારે પ્રાર્થના કરીએ છીએ ત્યારે *"જેવી પોતા પર તેવી તારા પાડોશી પર પ્રીતિ કર "*-આ આદેશનું પાલન કરીએ છીએ.

**Confession-પાપનો એકરાર**: આપણા ગુના અને ઈશ્વરની વિરુધ્ધ આચરેલાં કૃત્યોની આપણે નમ્ર હૃદયે કબૂલાત કરીએ છીએ, ત્યારે ઈશ્વર આપણને સંપૂર્ણ માફી આપે છે. આચરેલા ગુનાઓની કબૂલાતથી ઈશ્વર સાથેની સંગતમાં નવું જીવન જીવવાનો મનસુબો કરીએ છીએ.

વહાલાઓ, જ્યારે આપણે પ્રાર્થના કરીએ છીએ ત્યારે આપણને ઈશ્વરમાં અતૂટ વિશ્વાસ અને શ્રધ્ધા હોવાં જ જોઈએ કે, તે આપણી પ્રાર્થના સાંભળે છે.

પ્રાર્થનામાં ઘણું પરાક્રમ છે. *"તમે પ્રાર્થનામાં જે કાંઈ માગો તે તમને મળી ચુક્યું છે એવો વિશ્વાસ રાખો, તો તે તમને આપવામાં આવશે."* (માર્ક;૧૧: ૨૪)

ઈસુ તેના શિષ્યોને કહે છે કે, *"હું તમને સાચે જ કહું છું, જો તમે ઈશ્વર પર વિશ્વાસ રાખો અને આ જૈતુન પર્વતને કહો કે ખસી જા અને જઈને સમુદ્રમાં પડ, અને મનમાં સંદેહ રાખ્યા વગર તમે દૃઢ વિશ્વાસ રાખશો તો તે પ્રમાણે થશે જ."* (માર્ક: ૧૧: ૨૩)

યહુદી લોકોમાં દિવસમાં ત્રણવાર લાંબી લાંબી પ્રાર્થનાઓ કરવાનો રિવાજ હતો. તેઓને ૧૮ સેટની લાંબી પ્રાર્થનાઓ રોજ મોઢે બોલવી પડતી. વળી રાબ્બી (ધર્મગુરૂ-શિક્ષક) તેમના વિદ્યાર્થીઓને આ ૧૮ સેટની પ્રાર્થના ઉપરાંત પોતાની વ્યક્તિગત પ્રાર્થનાઓ ઉમેરવા શીખવતા હતા.

પ્રભુની પ્રાર્થના આપણને પવિત્રશાસ્ત્રમાં માથ્થી ૬: ૯-૧૩ અને લૂક: ૧૧: ૨-૪માં જોવા મળે છે. માથ્થીની સુવાર્તામાં પહાડ પરના ભાષણમાં ત્યાં ઉપસ્થિત થયેલા સમુદાયને સંબોધતાં તેઓ પ્રાર્થના વિષે શિક્ષણ આપતાં આ પ્રાર્થના શીખવે છે. જ્યારે લૂકની સુવાર્તામાં પ્રભુ ઈસુ જ્યારે પ્રાર્થના કરી રહ્યા ત્યારે તેમના એક શિષ્યે પ્રભુ પાસે આવી તેમને પ્રાર્થના કેવી રીતે કરવી તે શીખવવા વિનંતી કરી ત્યારે તેના પ્રત્યુત્તરમાં પ્રભુએ તેમને પ્રાર્થના શીખવી.

પ્રભુની પ્રાર્થના એ એક નમૂનાની પ્રાર્થના છે. યહુદી ધર્મગુરુઓ તેમના વિદ્યાર્થીઓને પ્રાર્થનાની રૂપરેખા બનાવતાં શીખવતા, જેમાં વિદ્યાર્થીઓ પ્રાર્થનાનો એક મુદ્દો ટૂંકમાં રજૂ કરે. ત્યાર બાદ બધાં એ મુદ્દા પર વિસ્તૃતમાં પ્રાર્થના કરાવે. આ પ્રકારની પ્રાર્થનાને વિષયસૂચી (INDEX) કહેવામાં આવતી હતી. કોઈપણ પુસ્તકમાં શરૂઆતમાં આપણને વિષયસૂચી આપવામાં આવે છે અને ત્યારપછી પ્રકરણમાં તે વિષયનું વિસ્તૃતિકરણ હોય છે. તેથી જ્યારે શિષ્યોને પ્રાર્થના વિષે શીખવવામાં આવ્યું ત્યારે પ્રભુ ઈસુ તે સમયની પ્રણાલિકા મુજબ શિષ્યોને પ્રાર્થનાની વિષયસૂચી આપે છે.

પ્રભુની પ્રાર્થના એ એક નમૂનાની પ્રાર્થનાનું સંક્ષિપ્તરૂપ છે. તેની શરૂઆતમાં સ્વર્ગીય પિતાને સંબોધન કરવામાં આવ્યું છે. ત્યારબાદ આ પ્રાર્થનામાં મનુષ્ય મધ્યે ઈશ્વરનું રાજ્ય, પાપોની ક્ષમા, ભૌતિક જરૂરિયાતોની પ્રાપ્તિ, પરીક્ષણો અને સંકટોમાં સામર્થ્ય અને છૂટકારાની પ્રાપ્તિ, વગેરેની આશા જોવા મળે છે.

પ્રભુની પ્રાર્થનામાં સાત પ્રકારની વિનંતીઓ જોવા મળે છે;

-ઈશ્વરનું નામ પવિત્ર મનાય,
-મનુષ્યો મધ્યે સ્વર્ગીય રાજ્ય આવે,
-સ્વર્ગની જેમ પૃથ્વી પર પણ ઈશ્વરની ઈચ્છા પૂરી થાય,
-રોજની જરૂરિયાતો પૂરી પાડવામાં આવે,
-પાપોની માફી,
પરીક્ષન, પ્રલોભનોમાંથી મુક્તિ,
-ભૂંડાઈથી છૂટકારો,

જો આપણે આત્મખોજ કરીએ તો આપણને ભાન થશે કે, પ્રાર્થનાનો હેતુ માત્ર ઈશ્વર પાસે માંગવાનો અને મેળવવાનો જ નથી. પરંતુ ઈશ્વર સાથેના અંગત સંબંધો વધુ દૃઢ બનવાનો છે. પ્રાર્થના આપણું હૃદય અને મન શુધ્ધ કરે છે.

આ પ્રાર્થના ખૂબ જ ટૂંકી છે. બોલવામાં ખૂબ જ થોડો સમય જશે. પણ તેનું હાર્દ સમજવામાં લાંબા સમય અને ચિંતનની જરૂર છે.

આપણા સ્વર્ગીય પિતા, અમે જ્યારે પ્રભુએ શીખવેલી પ્રાર્થનાનો અભ્યાસ કરીએ છીએ ત્યારે તેનું હાર્દ અમને સમજાવો અને દૈનિક જીવનમાં તેને અમલમાં મૂકવા સામર્થ્ય અને સહાય પૂરાં પાડો. તમે અમારી સર્વ જરૂરિયાતો પૂરી પાડવા સમર્થ છો, તે સત્ય સ્વીકારવા સહાય કરો. અમે તમને અમારા જીવનમાં તમારું કામ કરવા દઈએ, તેવું મન આપો. અમને આશીર્વાદો આપી અને તે આશીર્વાદો અમે તમારા નામે બીજાંઓને પહોંચાડીએ તેવું થવા દો.




**"શંકા કુશંકાના વમળ વચ્ચે વિશ્વાસ"**

*-જોઈસી જોવેટ ક્રિશ્ચિયન (Union City, NJ)* 201-864-4816

આપણા "ACN"ના તંત્રી સાહેબનું નામ શ્રી જોસેફભાઈ છે.

હું એમને "સદાબહાર સ્મિત વરસાવનાર તથા કાર્યશીલ વ્યક્તિ" તરીકે બીરદાવું છું.

જોસેફ કે યુસુફ નામની દસેક વ્યક્તિઓ સંબંધી અભ્યાસ કરી શકાય. એક જોસેફ, યાકુબના બાર સંતાનોમાંનો એક છે જેને માટે "બાઈબલ"માં "ઉત્પત્તિ"ના પુસ્તકમાં સારી એવી સંખ્યામાં અધ્યાયો ફાળવવામાં આવ્યા છે. ત્યાર બાદ "ગણના" ૧૩: ૭માં, કાળવૃત્તાંત ૨૫: ૨, ૯માં "એઝરા" ૧૦: ૪૨, "નહેમ્યાહ" ૧૨: ૧૪, "લૂક" ૩: ૨૪, ૨૬, પ્રેરિતોનાં કૃત્યો ૧: ૨૩, વગેરે જગ્યાએ જોસેફ/યુસુફ સંબંધી વાતો મળી આવે છે.

આજે આપણે માથ્થી ૧: ૧૬-૨૪, ૨: ૧૩, લૂક ૧: ૨૭, ૨: ૪-૪૩, ૩: ૨૩, ૪: ૨૨, યોહાન ૧: ૪૫, ૬: ૪૨માં વર્ણવાયેલ જોસેફ, જે પ્રભુ ઈસુ ખ્રિસ્તના પાલકપિતા તથા માતા મરિયમના પતિ તરીકે સ્થાન ધરાવે છે એ જોસેફ સંબંધી વિચાર કરીશું.

"માથ્થી" ૧: ૧૮-૨૫માં આ જોસેફ સાથે સ્વર્ગીય દૂતની વાતચીત વાંચીએ. આ દૂત, જોસેફની દ્વિધામય પરિસ્થિતિમાં જોસેફને હિંમત આપતાં 

"American Christian news" published since 1988, by "Gujarati Christian Church"
*(A not-For-Profit organization registered under the laws of the State of New Jersey, USA Estd. 1988)*

દર્શાવાયો છે. જૂના જમાનામાં વેવિશાળ કે વિવાહ નક્કી થાય તે સમયે, યહુદી રિવાજ મુજબ દીકરીના માતાપિતાને લગ્નવાંચ્છૂક મૂરતિયાવાળાએ મોટી કિંમત કે નાણાં આપવા પડતાં. આ પ્રથા ઘણા ગુજરાતી ખ્રિસ્તીઓએ જૂના જમાનામાં કે કદાચ હજી પણ અપનાવી છે. આ કિંમત દીકરીવાળાએ લગ્નખર્ચને પહોંચી વળવા કે પછી દીકરીને ભણાવવી એ બહાના હેઠળ વરપક્ષ તરફથી કન્યાપક્ષ વસૂલી લેતા. ઘણી બહેનોને કદાચ ખ્યાલ હશે હશે કે તેમના લગ્ન સમયે કેટલાં નાણાં સામા પક્ષે આપવાં પડ્યાં હતાં. (મારા પતિ તથા તેમના ત્રણે ભાઈઓ પાસેથી આવાં નાણાં લગ્નખર્ચ માટે કે ભણતર માટે લેવામાં આવ્યાં નહોતાં)

હવે જોસેફ સંબંધી એવું કહેવાય છે કે, જોસેફે આવું દાપુ આપવા વરસભર કરેલી બચત મરિયમ પક્ષને આપી હશે. જોસેફનો ધંધો સૂથારનો હતો. તેથી માંડમાંડ આટલી મોટી કિંમત તેણે મરિયમ માટે આપી દીધી હતી. તે સમયના રિવાજ અનુસાર વિવાહ જો કે ફોક થાય તો આવી અપાઈ ગયેલી કિંમત જતી કરવી પડે. જોસેફને જ્યારે ખબર પડે છે કે, તેની વેવિશાળ કરેલી યુવતી મરિયમને પેટે ગર્ભ રહ્યો છે ત્યારે સ્વાભાવિક જોસેફ અનેક **શંકા કુશંકાના વમળ વચ્ચે** 'સ્વ' સાથે દલીલ કરતો જણાય છે. કોઈ પણ લગ્નવાંચ્છૂક યુવક આ બાબતે નિ:સ્પૃહી વર્તન દાખવે નહિ. જોસેફ જો વિવાહિત મરિયમને છોડી દે તો આખા વરસની જે બચત આપી દીધી છે તે જતી કરવી પડે, નહિ તો મરિયમ જેવી છે તેવી તેણે સ્વીકારવી પડે. મનમાં એને વિચાર સ્ફૂર્યો હશે: "It's cheaper to keep her" પણ કયો સ્વમાની યુવક આબરૂ કરતાં પૈસાને મહત્ત્વના ગણે? ઘણા મનોમંથન તથા વેદના બાદ એ ઉમદાવિચાર સહિત મરિયમને ત્યજી દેવા વિચાર કરે છે. મરિયમની આબરૂ જોખમમાં ન મૂકાય એમ શાંતિપૂર્વક એને છોડી દઈ, નાણાં જતાં કરી એની જિંદગીમાં એકલો રહેવા મન મક્કમ કરી દે છે. વિચારોની પરંપરામાં નિદ્રાધીન થઈ જતાં, એને સ્વર્ગીય દૂત દેખાય છે. દૂતના શાંત્વન આપતા શબ્દો જુઓ; *"ઓ જોસેફ, દાઉદના દીકરા, તારી પત્ની મરિયમને તેડી લાવવા બી મા! કેમકે, તેને જે ગર્ભ રહેલો છે તે પવિત્ર આત્મા થઈ છે. અને તેને દીકરો થશે, ને તેનું નામ તું ઈસુ પાડશે, કેમકે જે પોતાના લોકોને તેઓનાં પાપથી તારશે, તે એ જ છે"*

જોસેફ સ્વર્ગીય સંદેશા પર વિશ્વાસ કરી મરિયમને પૂરતી સગવડ, સલામતી આપતાં તેડી લાવે છે. બીજી વાર જ્યારે જોસેફ સંબંધી જાણવા મળે છે તે તો "માથ્થી"૨: ૧૩-૧૪માં જોસેફને ફરી બીજી વાર દૂતદર્શન થાય છે. ત્યાં દૂત તેને ચેતવણી આપતાં ઈજિપ્ત નાસી જવા કહે છે. જોસેફ રાતોરાત મરિયમ તથા બાળ ઈસુને બચાવવા ઈજિપ્ત નાસીજાય છે. સૌથી છેવટનો ઉલ્લેખ જોસેફ માટે "લૂક" ૨: ૨૧-૪૨માં જ્યારે પ્રભુ ઈસુ બાર-૧૨ વર્ષના થાય છે, ત્યારના પ્રસંગને લગતો છે. પાલકપિતા તરીકે જોસેફ ઈશ્વરી દોરવણી હેઠળ બાળ ઈસુને ધાર્મિક તથા સામાજિક ક્ષેત્રે શિક્ષણકાર્યમાં આગળ વધારે છે. જોસેફ ઈશ્વરની આધીનતામાં જીવન જીવી એક આદર્શ પાલકપિતા તરીકે જીવન જીવી ગયા.

વિકટ સંજોગોમાં શું આપણે પ્રભુ પર વિશ્વાસ કરીએ છીએ? કે પ્રભુ પ્રત્યે પણ કુશંકા રાખીએ છીએ? ખ્રિસ્તી લોકો 'વિશ્વાસી' તરીકેપણ ઓળખ ધરાવે છે. પ્રભુને જોયા વગર વિશ્વાસ કરનાર સૌને ધન્યતા!

**અમે અહિંસાના પરમ ઉપાસકો**-*જયંત સુતરિયા (Lithonia, GA)*

પરમ પૂજ્ય
બાપુ-ગાંધીની અહિંસાના
અમે-પરમ ઉપાસકો
ડુંગળી ને કંદમૂળની હિંસા કરતા નથી.
ગાય-કૂતરાંને
બાળક પથરો મારે તો
અમે બોલી ઊઠીએ છીએ,
"બેટા! પાપ લાગે"
અને.......
ગર્ભસ્થ બાળકની જાત
જો 'સોનોગ્રાફી'માં
અમને સ્ત્રી માલૂમ પડે તો.........
તેણી,
ધરતી પર અવતરે
તે પહેલાં જ
તેનો જનમવાનો અધિકાર
છીનવી લેતાં
જરીયે
અચકાતા નથી અમે!

**Golden rules for happy life:**

**Be honest** when **in trouble**,
**Be simple** when **in wealth**,
**Be polite** when **in authority** and
**Be silent** when **in anger**...




**'નાતાલ' એટલે?** -*રેવ.ડૉ. સ્નેહલતા પટેલ (Brooklyn, NY)*

**'નાતાલ'** એટલે **સમગ્ર માનવજાત માટે મહા આનંદની વધામણી:** લોકોને પાપના બંધનમાંથી છોડાવનાર તારનાર અને ઈમાનુએલ-એટલે માનવીની સાથે રહેનાર-ઈશ્વરનું દેહધારીપણું. નાતાલની ઉજવણીની મહેંક ચોમેર પ્રસરાઈ રહી છે. દુકાનોમાં ભેટ સોગાદો આપવા લાયક ચીજ વસ્તુઓનો ખડકલો જામતો જાય છે. હંગામી કામદારોની ભરતી થાય છે. નોકરીનો સમય પૂરો થતાં લોકોના પગ સ્ટોર્સ તરફ વળે છે. શનિ,રવિ શોપીંગ સેન્ટરો માનવમેદનીથી ભરાઈ જાય છે. રાત્રિનો સમય રંગબેરંગી સેન્ટરો માનવમેદનીથી ભરાય જાય છે. રાત્રિનો સમય રંગબેરંગી લાઈટોથી ઝળહળાં થઈ રહ્યો છે. અને છતાં, આ બધાની આડસરો-જેવી કે માનસિક તણાવ, આર્થિક બોજ, ભેટ આપવાની ચીજવસ્તુની પસંદગીની મૂંઝવણ, વગેરે જોવા મળે છે. "નાતાલ"ની સાચા અર્થમાં ઉજવણીનું હાર્દ વિસરાઈ રહ્યું છે.

આપણે, જેઓ પોતાને પ્રભુનાં બાળકો તરીકે ઓળખાવીએછીએ, તેઓ આ દિવસોમાં નાતાલની ઉજવણીની તૈયારીમાં સ્મરણ, આપવું અને સ્વીકારવું-એ ત્રણ બાબતો પર આપણું ધ્યાન કેન્દ્રિત કરીશું તો સાચા અર્થમાં "નાતાલ"ની ઉજવણી કરવા સમર્થ બનીશું. સ્મરણ, આપવું અને સ્વીકારવું-આ ત્રણેય બાબતો "નાતાલ"ની ઉજવણી તેમજ ભરપૂર આશીર્વાદિત જીવન જીવવામાં મહત્ત્વનો ફાળો આપે છે.

**સ્મરણ:** મરિયમ તથા યુસફને રૂઢી-રિવાજોના ભંગ કરીને કાર્ય કરવા પસંદ કરવામાં આવે છે. અને વિપરિત સંજોગોમાં પણ ઈશ્વરની યોજનામાં સહકાર આપવાનો નિર્ણય, દૂતોને ભરવાડોની વધામણી અને તેમનો વિશ્વાસ અને બાળ ઈસુનાં દર્શન, ત્રણ શાણા પુરૂષોની સત્યની ખોજ, અને પ્રાપ્તિ સમયે બાળ ઈસુ કોણ છે તે દર્શાવાતી ભેટોનું અર્પણ, હેરોદ રાજાનું ઘાતકી વલણ-આ **બધા સંજોગોનું સ્મરણ કરવાથી** આપણને ચાનક મળે છે. આપણા જીવનમાં કંઈક સારું કરવા પ્રેરણા મળે છે. આત્મખોજ કરતાં પ્રભુનાં બાળકો તરીકે જીવન જીવવાની પ્રેરણાથી પ્રોત્સાહન મળે છે. ઈશ્વર, જેમણે માનવદેહ ધારણ કર્યો, તેમણે આપણાં પાપોની ખંડણી ભરી, દેવ સાથે ફરીથી સંબંધ કરાવ્યો, તેની યાદ તાજી કરાવે છે. અને સાથે સાથે આપણને ખ્રિસ્તને પસંદ પડે તેવું જીવન જીવવા સહાય કરે છે. **નાતાલ સ્મરણ કરાવે છે** કે, ઈશ્વર ન્યાયાધીશ બનીને પોતાના લોકોને લેવા આવનાર છે. આ યાદ તાજી થતાં આપણે સ્વર્ગીય રાજ્યના નાગરિકો તરીકે જીવન જીવવા પ્રેરણા આપે છે. ટૂંકમાં **બાળ ઈસુના જન્મ પ્રસંગે બનેલા બનાવોનું સ્મરણ, આપણા જીવનનું દૃષ્ટિબિંદુ બદલી નાખે છે.** જીવનમાં ખ્રિસ્તને કેન્દ્રસ્થાને રાખવામાં સહાયરૂપ બને છે.



"American Christian news" published since 1988, by "Gujarati Christian Church"
*(A not-For-Profit organization registered under the laws of the State of New Jersey, USA Estd. 1988)*

**આપવું**: દેવે બાળ ઈસુમાં પોતાની ભેટ માનવજાતને આપી. જેથી માનવજાતને નવું જીવન, ઈશ્વરની સંગતમાં આશીર્વાદિત જીવન જીવવાની બીજી એક તક સાંપડી.

**મરિયમે** સમાજના પડઘાઓનો વિચાર કર્યા વિના, બીક રાખ્યા વિના પ્રભુની યોજનામાં પોતાને સહકારરૂપે એક દાસીના પાત્ર તરીકે નમ્રતાપૂર્વક **સંમતિ આપી.**

**યુસફે** પોતાનાં શમણાંઓને સ્થાન આપ્યા વિના **દેવની યોજનામાં સહકાર આપ્યો.**

**ભરવાડોએ** પોતાનાં ઘેટાંની સુરક્ષાનો વિચાર કર્યા વિના **બાળ ઈસુના જન્મની વધામણીનો સ્વીકાર કર્યો** અને પરિણામે બાળ ઈસુનાં-દેવપુત્રનાં દર્શન કરી શક્યા.

**માગીઓએ** સત્યની ખોજ જારી રાખી ત્યારે નવા જન્મેલા રાજાને ત્યારે તેઓ **નવા જન્મેલા ઈસુ રાજાને પ્રભુ તરીકે સ્વીકારી** નજરાણું ધરીને ઈસુના જન્મની વધામણી જગતને જાહેર કરી શક્યા કે, એ કોઈ સામાન્ય બાળક નથી પણ રાજા, પ્રમુખા યાજક અને દેવનું હલવાન-માનવજાતની ખંડણીને માટે વધેનાર છે.

જ્યારે જ્યારે **આપણે પ્રભુનું રાજ્ય આપણી મધ્યે લાવવામાં આપણો ફાળો આપીએ છીએ ત્યારે પ્રભુનં રાજ્ય આપણી મધ્યે આવે છે.** એટલું જ નહીં પણ આપણને અનેકગણા આશીર્વાદો મળે છે. પ્રભુના નામમાં સતાવણી, અપમાનો, સહન કરીએ છીએ ત્યારે તેના આશીર્વાદો ભરપૂરપણે હોય છે. હંમેશાં જ્યારે આપણાં કૃપાદાનો, સમય, નાણાં, સેવાઓ, પ્રભુની યોજનામાં વાપરીએ અને આપણે આશીર્વાદિત બનીશું, પણ તે ઉપરાંત ઈશ્વરના રાજ્યની વૃધ્ધિમાં આપણે ઈશ્વરના સહકાર્યકરો તરીકે કામ કરવાનું માન મળે છે.

**સ્વીકારવું**: જ્યારે કોઈ પણ ભેટ જ્યાં સુધી વ્યક્તિ સ્વીકારતી નથી ત્યાં સુધી તે વસ્તુ તેની બની શકતી નથી. ભેટ ત્યાં જ પડી રહે છે. ઈશ્વરે પ્રભુ ઈસુમાં મનુષ્યને પાપોની માફીની ભેટ આપી છે. પરંતુ જ્યાં સુધી વ્યક્તિ ઈસુ ખ્રિસ્ત પરના વિશ્વાસ દ્વારા પાપોની માફીનો સ્વીકાર કરતી નથી ત્યાં સુધી તે વ્યક્તિ ઈશ્વરથી વિમુખ છે. તે વ્યક્તિને પાપોની માફી મળતી નથી. અને પ્રભુનાં વચનો પ્રમાણે "જે કોઈ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરે છે અને ઈશ્વર તરીકે સ્વીકારે છે.

સપ્ટેમ્બર, ઓક્ટોબર, નવેમ્બર અને **ડીસેમ્બેર-2015 વિઝા બુલેટીન**

| ફેમિલિ કેટેગરી | ઓગષ્ટ-2015 | સપ્ટે-2015 | ઓક્ટો-2015 | **નવે-2015** |
|---|---|---|---|---|
| **F-1** | 01 Nov-07 | 15-Dec-07 | 15 Jan-08 | **22 Feb -08** |
| **F-2 A** | 15-Dec-13 | 01 Mar-14 | 15 Apr-14 | **15 May-14** |
| **F-2 B** | 15 Nov-08 | 22 Dec-08 | 15 Jan-09 | **08 Feb-09** |
| **F-3** | 08 Apr-04 | **08 May-04** | **22 May-04** | **15 June-04** |
| **F-4** | 01 Dec-02 | 15 Jan-03 | 08 Feb-03 | **01 Mar-03** |

**પાછળના ત્રણ મહિનાની વિગતના આધારે પાંચેય કેટેગરી દર માસે આગળ વધે છે કે નહિ? વધે છે તો કેટલી તે જાણીને વિઝા ક્યારે નીકળશે તેનો અંદાજ કાઢી શકાય.** ઉપરોક્ત કોઠા મુજબ **ડીસેમ્બેર -2015ની વિઝા વિગત** નીચે મુજબ છે:-

**F-1**-અમેરિકન સીટીઝનનાં સગીર સંતાનો અને **21 વર્ષ કે તેથી વધુ ઉંમરનાં અપરણિત** સંતાનો-**22 February-2008** (આ મહિને **38 દિવસ આગળ વધી**

**નોંધ: (યુએસ સીટીઝનનાં** પતિ/પત્ની, **યુએસ સીટીઝનનાં 21 વર્ષથી ઓછી ઉંમરનાં અપરણિત સંતાન, યુએસ સીટીઝનનાં** માતા/પિતાને **નિકટતમ કુટુંબજન** તરીકે **તત્કાલીન વિઝા** મળે. માસિક/વાર્ષિક **વિઝા-ક્વોટા મર્યાદા લાગુ પડતી નથી**

**F-2 A** ગ્રીનકાર્ડધારકનાં **પતિ/પત્ની** અને **21 વર્ષથી ઓછી ઉંમરનાં અપરણિત** સંતાનો-**15 May-2014** (આ મહિને **30 દિવસ** આગળ વધી છે)

**F-2 B**– ગ્રીનકાર્ડધારકનાં **21વર્ષ કે તેથી વધુ ઉંમરનાં અપરણિત** સંતાનો-**08 February-2009** (ગયા મહિનાથી **24 દિવસ આગળ વધી છે**)

**F-3**–અમેરિકન સીટીઝનનાં **પરણિત** સંતાનો-**15 June-2004** (ગયા મહિનાથી **24 દિવસ આગળ વધી**), યુએસ સીટીઝન માબાપ માટે સારું)

**F-4**–US **સીટીઝનનાં** ભાઈ/બેન, ઓરમાન ભાઈ/બેન-**01March-2003** (ગયા મહિનાથી **21 દિવસ આગળ વધી** છે, જે **ભાઈ-બેન માટે** ઠીક **સમાચાર**)

uscis.gov વેબ સાઈટ ઉપરની છેલ્લામાં છેલ્લી માહિતી આખરી ગણવી.

**ઉપરોક્ત બુલેટીન મુજબ જો આ મહિને ફાઈલ કરવામાં આવે તો.. F-1** માટે **7 વર્ષથી વધુ** રાહ જોવી પડે. **F-2 A** હવે છેલ્લા **4 મહિનાથી આગળ જાય છે,** તેથી **2**વર્ષ જેટલી **રાહ જોવી પડશે. F-2 B** માટે **7** વર્ષ **6** મહિના રાહ જોવી પડે. **F-3** માટે **12 વર્ષથી વધુ** રાહ જુઓ અને **F-4** માટે **13-14** વર્ષ રાહ જોવી પડે, **F-3** જે **પરણિત સંતાનની માતા કે પિતાએ કરેલી ફાઈલના કરતાં F-4-**જે **ભાઈ કે બહેને પોતાના ભાઈ કે બહેન માટેની ફાઈલ વહેલી આગળ વધે છે.**

* 'બ્લડ રીલેશન'-લોહી સંબંધે પતિ/પત્ની, ભાઈ/બેન, સંતાનો, માતા/પિતાની-**ફેમિલી કેટેગરીની બધી ફાઈલો ચાલુ જ છે. વિઝા ફી ચૂકવી હોય તો કશી** રાહ જોયા વિના **સ્પોન્સરશીપનાં પેપરો યુએસ વિઝા સેન્ટરમાં મોકલી દેવાં** પણ **વિઝાકોલ આવ્યા બાદ સગાંને મોકલવાં** હિતાવહ છે.

**ખાસ નોંધ**:-ઉપરોક્ત **નવેમ્બર, ૨૦૧૫ના વીઝા બુલેટીનની વિગત** જોવાથી એક બાબતે નવાઈ જણાય છે. **ફેમિલી કેટેગરી 1**માં યુએસ સીટીઝનનાં **21 વર્ષ કે તેથી વધુ ઉંમરનાં અપરણિત** સંતાનો માટેની તારીખ-**15-January-2008 છે,** જ્યારે **ફેમિલી કેટેગરી 2 B** માં ગ્રીનકાર્ડધારકનાં **21વર્ષ કે તેથી વધુ ઉંમરનાં અપરણિત** સંતાનો માટેની તારીખ **15-January-2009 છે.** આમ **યુએસ સીટીઝન કરતાં** ગ્રીનકાર્ડધારકનાં **21વર્ષ કે તેથી વધુ ઉંમરનાં અપરણિત** સંતાનોની ફાઈલ આગળ ચાલે છે, જેથી યુએસ સીટીઝન કરતાં "ગ્રીનકાર્ડધારક"ને વધુ ફાયદો થાય છે! **આથી જો "ગ્રીનકાધારક" માબાપે પોતાનાં 21વર્ષ કે તેથી વધુ ઉંમરનાં અપરણિત** સંતાનોની ફાઈલ 2009માં કરી હોય અને અત્યારે તેઓ યુએસ સીટીઝન બનીને પોતાની "ગ્રીનકાર્ડધારક તરીકેની ફાઈલ 'અપગ્રેડ' કરાવે તો તે ફાઈલ **15-January-2008**માં જવાથી સંતાનને આવવામાં મોડું થાય અને એનો કોઈ ઉપાય નથી. **જો તેઓ સીટીઝન થયાં ન હોત તો** તેમનું સંતાન **08 February-2009** ની તારીખ મુજબ અમેરિકામાં વહેલું આવી શકત!

**રોજગાર આધારિત વીઝા બુલેટીન ડીસેમ્બેર -2015**

| **કેટેગરી** | **અગ્રતા તારીખ** | **ગયા માસથી આગળ/પાછાળ** |
|---|---|---|
| **E 1**-નિષ્ણાત કામદારો | તત્કાલ | વર્તમાન |
| **E 2**- ધંધાકીય ડીગ્રીધારકો ફેબ્રુઆરી-2015 | **01 July 2009 (સારા સમાચાર)** | **ગયા માસથી 2 વર્ષ 10 માસ આગળ ગઈ** |
| **E 3**- કુશળ કારીગરો | **01 July 2005 (સારા સમાચાર)** | **ગયા માસથી 1 વર્ષ 4 માસ આગળ ગઈ** |
| **E W**-અન્ય કામદારો | **01 July 2005 (સારા સમાચાર)** | **ગયા માસથી 1 વર્ષ 4 માસ આગળ ગઈ** |
| **E 4**- ચોક્કસ પ્રકારના વસાહતીઓ | **તત્કાલ** | વર્તમાન |
| **E** 5-રોજગારી ઉત્પન્નકર્તા | **તત્કાલ** | **વર્તમાન** |
| ધાર્મિક વ્યક્તિઓ | **તત્કાલ** | વર્તમાન |

* અમેરિકામાં રહેતા જે કોઈ ખ્રિસ્તી ભાઈબેનને **American Christian News** મેળવવાની ઈચ્છા હોય તો **પોતાનું પોસ્ટલ** અથવા **ઈ-મેઈલ એડ્રસ,** તંત્રીશ્રીને મોકલવા વિનંતી! **તંત્રીનું સરનામું અને ઈ-મેઈલ નોંધી રાખશોજી!**

Editor-ACN, 144 Strawberry Hill Ave, Woodbridge, NJ 07095
: 732-855-0596 * *Email: jospausa@yahoo.com*

***"અમેરિકન ક્રિશ્ચિયન ન્યૂઝ" સુજ્ઞ વાચકોને***
***"નાતાલ-નૂતન વર્ષનો દિલપૂર્વક શુભેચ્છા પાઠવે છે!***






"American Christian news" published since 1988, by "Gujarati Christian Church"
*(A not-For-Profit organization registered under the laws of the State of New Jersey, USA Estd. 1988)*




* **ખાસ સૂચના:- American Christian News (ACN)** માં પોતાના લેખ પ્રસિધ્ધ કરવાની ઈચ્છા ધરાવનારે **પોતાનાં તમામ લખાણ સીધાં જ તંત્રીશ્રીના સરનામે મોકલવાં. જાન્યુઆરી ૨૦૧૬ના મહિનાની ૧૫-૨૦ તારીખ સુધીમાં બારોબાર તંત્રીને મોકલીને** સહકાર આપવા વિનંતી!

-લખાણની શરૂઆતમાં લેખકે પોતાનું નામ, સરનામુ અને ફોન નંબર અને જો હોય તો ઈ-મેઈલ એડ્રસ સાથે લેખ મોકલ્યાની તારીખ અચૂક લખવી.

* "ગુજરાતી કેથલિક સમાજ ઓફ યુએસએ"ના ઉપક્રમે દર વર્ષની જેમ આ સાલ પણ "ક્રિસ્મસ સેલીબ્રેશન" યોજે છે. તારીખ ૨૬ ડિસેમ્બર, ૨૦૧૫ના શનિવારે સાંજના ૫:૦૦ વાગ્યે ઉજવણીની શરૂઆત થશે. "ક્રિસ્મસ ઉજવણીનું સ્થળ છે; St. Matthews the Apostle Church Hall, 81 Seymour Ave, Edison, NJ 08817 કાર્યક્રમમાં પ્રવેશ વિનામૂલ્યે છે. કાર્યક્રમમાં સાંસ્કૃતિક આઈટમ્સ, ક્રિસ્મસનાં ગીતો, ગરબા, દાંડિયા અને સનેડો અને બીજું બધું ઘણું મનોરંજન રજૂ થશે. કોઈ પણ ગુજરાતી ક્રિશ્ચિયન પરિવાર સાથે ભાગ લઈ શકે છે... પણ અનુકૂળ વ્યવસ્થા તેમજ ડીનર અંગે યોગ્ય તૈયારી માટે **"ક્રિસ્મસ સેલીબ્રેશન"માં કેટલી સંખ્યામાં આપ ભાગ લેનાર છો તે અંગે તા. ૨૦ ડીસેમ્બર, ૨૦૧૫ સુધીમાં નીચેના ફોન નંબર ઉપર જાણ કરવા નમ્ર વિનંતી છે;**

Raj Macwan-908-472-9448 * Jagadish Christian-201-240-6019
Kirit Jakaria-845-981-9816 * Joseph Parmar-732-855-0596

આ પ્રોગ્રામમાં આપ વ્યક્તિગત કે સમૂહમાં કોઈ સાંસ્કૃતિક આઈટેમ-નૃત્ય, ક્રિસ્મસ સોંગ્સ, રજૂ કરવા ઈચ્છતા હો તો ઉપરના ફોન નંબર પર આપ સંપર્ક સાધીને યોગ્ય ગોઠવણ કરી શકો છો. સંસ્થા સહર્ષ આપને નિમંત્રણ પાઠવે છે. સાંજના ૫:૦૦ કલાકે શરૂ થનાર કાર્યક્રમ સાંજના ૧૦:૩૦ સંપન્ન થશે.

**વિનંતિ:** આખા વર્ષ દરમ્યાન આપને ઘરે ટપાલ/વેબ સાઈટ મારફતે **"અમેરિકન ક્રિશ્ચિયન ન્યૂઝ"** નિયમિત પહોંચાડ્યાં છે. હવે આપનો વારો છે એનો પ્રતિસાદ આપવાનો-ટૂંકમાં લખી મોકલશો કે શું ગમે છે અને શું નથી ગમતું. વાચકોના અભિપ્રાય જાણીને આનંદ થશે.

નીચેની બૂકો **"અમેરિકન ક્રિશ્ચિયન ન્યૂઝ"**ના વાચકો ઓછા દરે ખરીદી શકે છે;

(1) **"અમેરિકામાં સીનિયરોને મળતા લાભો"-$12.00** (શીપિંગ સહિત),

(2) **"યુએ સીટીઝશીપ ગાઈડ"-$10.00,** (શીપિંગ સહિત), **યુએસ સીટીઝનશીપ મેળવવા માટે નવા N-400 ફોર્મની સમજ અને હવે 21 પાનના નવા ફોર્મ અંગેના પ્રશ્નોત્તર સાથે અદ્યતન 2014ની નવી આવૃત્તિ.**

(3) **"ડ્રાઈવિંગ ઈન યુએસએ ટેસ્ટ ગાઈડ"** *(અમેરિકાનાં 50 સ્ટેટ્સ માટે)*-**$7/** (શીપિંગ સહિત)નો ચેક/મનીઓર્ડર **Josh Foundation** નામે લખીને એક ચિઠ્ઠીમાં નામ, સરનામું અને **ફોન નંબર** અને **કઈ બૂક મંગાવવી છે તે** લખીને- **Josh Foundation, 144 Strawberry Hill Ave, Woodbridge, NJ 07095** સરનામે મોકલ્યા પછી બે વીકમાં આપને **બૂક ન મળે તો જ ફોન કરશો. રજીસ્ટર મેઈલ કરવી નહિ.**

**From:-AMERICAN CHRISTIAN NEWS**
Community Paper soliciting your Co-operation
**I.D. # 11-2917985 August 28, 1988**
**"Gujarati Christian Church"**
17, Dart Mouth Ave, Avenel, NJ 07001-1804
**Phone # (732) 750-4064-**(Ruthben Christian)

**-"બાઈબલ સ્ટડી"ના જવાબો શ્રીમતી રૂથબેન ક્રિશ્ચિયનને સરનામે મોકલવા વિનંતી છે.**

મેડિકેર"નો Part D-'પ્રીસ્ક્રીપ્શન ડ્રગ પ્લાન' બદલવા માટેનો 'ઓપન એનરોલમેન્ટ પીરિયડ"નો છેલ્લો દિવસ 7 ડીસેમ્બર, 2015 છે. આ સમયગાળો જેઓ ફક્ત "મેડિકેર:"ના લાભાર્થી હોય તેઓને માટે જ હોય છે. "મેડિકેઈડ"ના લાભાર્થીઓ માટે નથી. કેમકે, મેડિકેઈડ"ના લાભાર્થીઓ વર્ષમાં ગમે ત્યારે Part D-'પ્રીસ્ક્રીપ્શન ડ્રગ પ્લાન' બદલી શકે છે.

* જેઓ કોઈપણ હેલ્થ ઈન્સ્યોરન્સ વિનાના હોય તેઓને માટે "ઓબામા હેલ્થ ઈન્સ્યોરન્સ" મેળવવા અરજી કરવાનો 'ઓપન એનરોલમેન્ટ પીરિયડ"નો પ્રથમ તબક્કો ડીસેમ્બર ૧૫, ૨૦૧૫ના રોજ પૂરો થાય છે. એટલે જેઓ ડિસેમ્બર ૧૫, ૨૦૧૫ના રોજ રાત્રીના ૧૨ વાગ્યા સુધીમાં "ઓબામા હેલ્થ ઈન્સ્યોરન્સ" મેળવવા અરજી કરી દેશે, તેઓને જાન્યુઆરી ૧, ૨૦૧૬થી પોતે જે હેલ્થ એજન્સીનો પ્લાન પસંદ કર્યો હશે તેનું 'હેલ્થ કવરેજ' ચાલુ થઈ જશે.

* જેઓ ડીસેમ્બર ૧૫, ૨૦૧૫ના રોજ "ઓબામા હેલ્થ ઈન્સ્યોરન્સ" મેળવવા અરજી ન કરી શક્યા હોય તેઓ ડીસેમ્બર ૧૬, ૨૦૧૫થી જાન્યુઆરી ૧૫, ૨૦૧૬ સુધીમાં "ઓબામા હેલ્થ ઈન્સ્યોરન્સ" મેળવવા અરજી કરી દેશે તેઓને ફેબ્રુઆરી ૧, ૨૦૧૬થી પોતે જે હેલ્થ એજન્સીનો પ્લાન પસંદ કર્યો હશે તેનું 'હેલ્થ કવરેજ' ચાલુ થઈ જશે.

* જેઓ જાન્યુઆરી ૧૬, ૨૦૧૬થી જાન્યુઆરી ૩૧, ૨૦૧૬ સુધીમાં "ઓબામા હેલ્થ ઈન્સ્યોરન્સ" મેળવવા અરજી કરી દેશે તેઓને માર્ચ ૧, ૨૦૧૬થી પોતે જે હેલ્થ એજન્સીનો પ્લાન પસંદ કર્યો હશે તેનું 'હેલ્થ કવરેજ' ચાલુ થઈ જશે.

* જેઓ જાન્યુઆરી ૩૧, ૨૦૧૬ સુધીમાં "ઓબામા હેલ્થ ઈન્સ્યોરન્સ" મેળવવા અરજી ન કરી શક્યા હોય તેઓને માટે "સ્પેશ્યલ ઓપન એનરોલમેન્ટ પીરિયડ" જાહેર થાય ત્યારે અરજી કરવાની તક મળવાની શક્યતા ખરી.

* "ઓબામા હેલ્થ ઈન્સ્યોરન્સ" મેળવવા અરજી કરવાની તા. નવેમ્બર ૧, ૨૦૧૫થી શરૂ થયેલા "ઓપન એનરોલમેન્ટ પીરિયડ" બાદ ત્રણ 'વીક'માં 576,000 અરજદારો પોતાના પ્લાન પસંદ કરીને "ઓબામા હેલ્થ ઈન્સ્યોરન્સ" માં જોડાયા છે. જે ગયા વર્ષ-૨૦૧૪ની આ જ સમયગાળામાં "ઓબામા હેલ્થ ઈન્સ્યોરન્સ"માં જોડાયા કરતાં 13% ઓછી સંખ્યા છે. ગયા "ઓપન એનરોલમેન્ટ પીરિયડ" શરૂ થયાના ત્રણ 'વીક'માં 664,000 લોકોએ અરજી કરીને "ઓબામા હેલ્થ ઈન્સ્યોરન્સ" ખરીદ્યો હતો. આમ આ વર્ષે "ઓબામા હેલ્થ ઈન્સ્યોરન્સ" ખરીદવાનો દર ધીમો ગણાય.

"-મેડિકેર "સ્વીકાર્યા પછી જોબ મારફતે મળતો Part B પ્રકારનો હેલ્થ ઈન્સ્યોરન્સ જ્યારે પણ બંધ થાય ત્યાર પછી મોડામાં મોડો ૮ મહિના પછી "મેડિકેર"નો Part B સ્વીકારવાથી 'લેટ પેનલ્ટી'નો પ્રશ્ન રહેતો નથી .આ ૮ માસ દરમિયાન વ્યક્તિ ઈચ્છે તો 'ફેડરલ લો' મુજબ COBRA હેલ્થ ઈન્સ્યોરન્સ સ્વીકારી શકે છે .અને 'લેટ પેનલ્ટી'નો પ્રશ્ન રહેતો નથી .યાદ રહે" મેડિકેર " સ્વીકાર્યા પછી Part Bનું માસિક પ્રિમિયમ આજીવન ચૂકવવાનું હોય છે .

*યાદ રહે કે," મેડિકેર Medicare -"અને" મેડિકેઈડ– Medicaid-"બંને ગવર્મેન્ટની યોજનાના હેલ્થ ઈન્સ્યોરન્સ છે .

**To,**



"American Christian news" published since 1988, by "Gujarati Christian Church"
*(A not-For-Profit organization registered under the laws of the State of New Jersey, USA Estd. 1988)*